

# ૧

રાતરાણી

# પતિને ખુશ રાખવા મેં કચરા-પોતાં પણ કર્યાં

**રૂ**પા ગાંગુલી.

યાદ આવે છે 'મહાભારત' ટી.વી. સિરિયલની દ્રૌપદી ? આ ટી.વી. સિરિયલમાં રૂપા ગાંગુલી અદ્દલ દ્રૌપદી લાગતી હતી. મહાભારતની કથામાં દ્રૌપદીનું પાત્ર આખાયે મહાયુદ્ધનું કેન્દ્ર અને કારણ પણ છે. પાંચ પતિઓની પત્ની, છતાંયે અર્જુન તરફ વિશેષ લગાવ, વસ્ત્રાહરણ વખતે કૃષ્ણને યાદ કરતી આ માનુની કહે છે કે, હવે મારા આ અપમાનનો બદલો નહીં લેવાય ત્યાં સુધી હું મારા કેશ છૂટા રાખીશ.''

બંગાળની અભિનેત્રી રૂપા ગાંગુલીએ દ્રૌપદીના પાત્રમાં પ્રાણ પૂરી દીધા હતા. મહાભારતની કથા પ્રમાણે દ્રૌપદીને ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ હતા, પરંતુ આ આશીર્વાદ રૂપા ગાંગુલીને ફળ્યા નથી.

'મહાભારત' સિરિયલ પછી રૂપા ગાંગુલી ખોવાઈ ગઈ, પરંતુ ખરેખર તો સંસારચક્રની અડાબીડમાં ભૂલી પડી ગઈ હતી.

આ સિરિયલ દરમિયાન રૂપા ગાંગુલીના સેંકડો ચાહકો હતાં. સ્ક્રીન પર સંપૂર્ણ સ્ત્રી લાગતી રૂપા પાસે સુંદર શરીરસૌષ્ઠવ છે. વિશાળ નયન છે. વિલાસિતા માટે નિમંત્રણ આપતા હોઠ છે. ભરાવદાર વક્ષઃસ્થલ છે. રથશ્રેણીચક્ર જેવા નિતંબ છે. આવી રૂપાએ એના અનેક ચાહકોને છોડીને તેનો સાચુકલો પ્રેમ ધ્રુબો મુકરજી નામના એક બંગાળી મિત્ર પર ઉતાર્યો.

લગ્ન કર્યા બાદ રૂપા ગાંગુલી તેના પતિના ઘેર કોલકાતા રહેવા ચાલી ગઈ. લગ્ન પછી એણે પતિની ઇચ્છા અનુસાર ટી.વી. સિરિયલો માટે કામ

કરવાનું બંધ કરી દીધું. રૂપા પાસે અનેક ઑફરો હતી. ફિલ્મોમાં કામ કરવા માટે પણ ઑફરો આવતી હતી, પરંતુ પતિની ઇચ્છા અનુસાર તે એક સારી ગૃહિણી બનીને રહેવા લાગી હતી.

શરૂઆતના દાંપત્યજીવનના પરિપાકરૂપે રૂપા એક પુત્રની માતા પણ બની.

એક દિવસ રૂપા તેના પતિ ધ્રુબો સાથે  એક લગ્નમાં ગઈ. લગ્નોમાં આવેલાં તમામ અતિથિઓ રૂપાને જોઈ તેની આસપાસ વીંટળાઈ વળ્યાં. કોઈક ઓટોગ્રાફ માગતું હતું. તો કોઈ રૂપા સાથે તસવીર પડાવવા માંગતું હતું.

ધ્રુબોને આ ના ગમ્યું.

ઘેર આવીને રૂપા સાથે કોઈ પણ જાતના કારણ વગર ઝઘડો કર્યો. રૂપા હોશિયાર છે. તે જાણતી હતી કે, પતિ જે કારણસર તેની સાથે ઝઘડો કરે છે તે સાચું કારણ નથી. હકીકત કાંઈ ઓર જ છે. તે પછી ફરી એક વાર રૂપા તેના પતિ સાથે બીજા કોઈ સમારંભમાં ગઈ. ફરી લોકો રૂપા ગાંગુલીને જોઈ 'દ્રૌપદી'ને યાદ કરવા લાગ્યા. રૂપાના પ્રશંસકો તેને છોડતાં જ નહોતાં.

ધ્રુબોને તેનું માન હણાતું લાગ્યું. તે અસલામતીની લાગણી અનુભવતો થઈ ગયો. ધ્રુબો કમાતો હતો જ્યારે રૂપાએ સિરિયલોમાં કામ કરવાનું છોડી દીધું હોઈ તેની વ્યક્તિગત કોઈ આવક જ નહોતી. ધ્રુબોએ હવે રૂપાને તેનાં વસ્ત્રો, મેકઅપ કે બીજી વ્યક્તિગત જરૂરિયાતો માટે પૈસા આપવાના બંધ કરી દીધા.

રૂપા સમજી ગઈ કે, હું અને ધ્રુબો સાથે બહાર નીકળીએ છીએ ત્યારે પ્રશંસકો મને ઘેરી લે છે તે ધ્રુબોને ગમતું નથી.

એ પછી રૂપાએ પોતાની જાતને વધુ સંયમમાં રાખવા કોશિશ કરી. એણે પતિ સાથે બહાર જવાનું બંધ કરી દીધું. સવારના નવ પહેલાં અને રાતના નવ વાગ્યા પછી ફોન લેવાનું બંધ કરી દીધું.

છતાં પતિ માન્યો નહીં.

પતિને ખુશ રાખવા રૂપા જાતે જ તેના પુત્રને નવરાવવા લાગી. વસ્ત્રો પહેરાવતી. ઘરમાં કચરા-પોતાં પણ કર્યાં.

છતાં એના પતિએ એક રાત્રે તેની સાથે ખૂબ ઝઘડો કર્યો : "આટલી સરસ તૈયાર થઈને કેમ બહાર જાય છે ?"

રૂપાએ કહ્યું : "હું એક અભિનેત્રી રહી ચૂકી છું. મારા વ્યવસાયમાં ગ્લેમરસ લાગવું તે શું કોઈ ગુનો છે ?"



"પણ લોકોને શા માટે મળે છે ?"

રૂપાએ જવાબ આપ્યો : "હું રૂપા ગાંગુલી નથી એવું લોકોને કેવી રીતે સમજાવું ?"

"એ હું કાંઈ ના જાણું. કાલથી તારે બહાર નીકળવાનું બંધ. તને બજારમાં જઈ ખરીદવાનો એક રૂપિયો પણ નહીં મળે."

રૂપા ચુપ રહી. એને ખ્યાલ આવી ગયો કે "ઘરમાં હું સેલિબ્રિટી તરીકે વર્તન કરતી નથી છતાં હું લોકોની દૃષ્ટિએ સેલિબ્રિટી છું એ વાસ્તવિકતા મારો વામણો પતિ સહન કરી શકતો નથી."

રૂપા પણ દ્રૌપદી જેવી માનુની હતી. એણે પતિ પાસેથી પૈસા માગવાનું બંધ કરી દીધું અને એણે એક પ્રોડ્યુસરને ફોન કર્યો : "હું ટી.વી.. સિરિયલમાં કામ કરવા તૈયાર છું."

બીજા જ દિવસથી એણે સ્ટુડિયોમાં જવાનું શરૂ કરી દીધું. રૂપા એક સુંદર એક્ટ્રેસ છે. કામની તેને કોઈ ખોટ નહોતી.

ધ્રુબોને ખબર પડી કે રૂપાએ હવે ટી.વી. સિરિયલમાં કામ શરૂ કર્યું છે એ પછી એણે રૂપા સાથે ભયંકર ઝઘડો કર્યો. રૂપા માટે આ બધું અસહ્ય હતું. એક તરફ પતિ તેને એક પણ પૈસો આપતો નહોતો અને બીજી બાજુ તેને પૈસા માટે કામ કરવા પણ પરવાનગી આપતો નહોતો. તે ડિપ્રેશનમાં આવી ગઈ. એ રાત્રે રૂપાએ ઊંઘની ગોળીઓ ખાઈ લીધી. બીજા દિવસે તે ઊઠી જ નહીં. ડૉક્ટરોને બોલાવવામાં આવ્યા અને તે બચી ગઈ.

સાજા થયા બાદ ધ્રુબોએ ફરી રૂપા પર જુલમ શરૂ કરી દીધો. ફરી રૂપાને પૈસા આપવા ઈનકાર કર્યો. રૂપા ફરી સ્ટુડિયો પર ગઈ. ફરી ઝઘડો થયો. રૂપાએ બીજી વાર પણ આપઘાતનો પ્રયાસ કર્યો. ફરી વાર પણ તેને બચાવી લેવાઈ.

પુત્ર આકાશ હવે મોટો થઈ રહ્યો હતો.

રૂપાના આપઘાતના બે પ્રયાસો પછી પણ ધ્રુબો સુધર્યો નહીં. તે રૂપાના રૂપથી સતત અસલામતી અનુભવતો રહ્યો. તે રૂપાના ફોન કોલ્સ પર નજર રાખવા લાગ્યો. રૂપા પૈસા માટે કોઈ પ્રોડ્યુસર સાથે વાત કરતી હોય એટલે ધ્રુબો આસપાસના લોકો સાંભળે તે હદે ઝઘડો કરતો.

એક દિવસ રૂપા વકીલ પાસે ગઈ અને ડાઈવોર્સ પેપર્સ જ લઈ આવી. ડાઈવોર્સ પેપર્સ જોઈ ધ્રુબો ગભરાઈ જતો અને માફી માંગતો. પતિને માફી માગતો

જોઈ રૂપા ડાઈવોર્સ પેપર્સ ફાડી નાખતી. આવું વારંવાર બન્યું. છતાં તેનો પતિ સુધર્યો નહીં. તે સાઈકીક બની ગયો હતો. રૂપાના રૂપનો બોજ તે સહી શકતો નહોતો અને રૂપા તેને છોડી જાય તો પણ સહન કરવા તે તૈયાર નહોતો. ૧૯૯૨માં રૂપા અને ધ્રુબો મુકરજીનાં લગ્ન થયાં હતાં. ત્યારથી ૨૦૦૨ સુધી રૂપાએ સહન કર્યું. એક ગરીબડી પત્ની થઈ તે ધ્રુબો મુકરજીના ઘરમાં પીસાતી રહી. ઘરના તમામ સભ્યો તેની પર જાસૂસી કરતાં. ધ્રુબો તો ખાનગીમાં તેની પાછળ પાછળ સ્ટુડિયોમાં જતો. તે કોને મળે છે તે શોધવા સતત પ્રયત્ન કરતો. રૂપાને લાગ્યું કે ઘરમાં હું એક નોકરડી થઈને રહું છું અને બહાર જઈ એક્ટિંગ કરી કમાઈ લઉં છું, છતાં મારું માન-સન્માન જળવાતું નથી.

રૂપાએ ત્રીજી વાર ઊંઘની ગોળીઓ ખાઈ લઈ આપઘાતનો પ્રયાસ કર્યો, પરંતુ જાણે કે ઈશ્વરને રૂપાનું મૃત્યુ સ્વીકાર્ય નહોતું. ત્રીજી વાર પણ તે બચી ગઈ.

પરંતુ હવે તેણે જાતે જ જીવનમાં બદલાવ લાવવા નિર્ણય કર્યો.

એક દિવસ તેને જ્યારે ભારે ત્રાસ આપવામાં આવી રહ્યો હતો અને તેના પતિએ પૂછ્યું : “તારે બીજા કોઈની સાથે સંબંધ છે ?”

ત્યારે માનુની રૂપાએ ગર્વથી માથું ઊંચકતાં કહ્યું : “હા, સાચી વાત છે. હું દિબ્યેન્દુને ચાહું છું. એ બહુ જ સારો છોકરો છે. હું મુંબઈ જઈ તેની સાથે થોડો સમય રહીશ. મારે રહેવા થોડી જ જગા જોઈએ છે.”

પતિ સમસમી ગયો.

તે નર્વસ બ્રેકડાઉનની ભોગ બની હતી ત્યારે તેને હૂંફ અને સહાનુભૂતિ આપનાર એક યુવાનના ઘેર જઈ રહેવાનું નક્કી કરી લીધું. એ યુવાનનું નામ દિબ્યેન્દુ છે. દિબ્યેન્દુ પણ બંગાળી છે અને પાર્શ્વગાયક છે. રૂપા અત્યારે ૪૨ વર્ષની છે જ્યારે દિબ્યેન્દુ ૩૧ વર્ષનો યુવાન છે. રૂપા ગાંગુલી પતિના તમામ પ્રકારના ત્રાસમાંથી છૂટવા એક નાનકડી બેગ લઈ ઘરમાંથી બહાર નીકળી ગઈ. એણે કોલકતાથી મુંબઈની રાહ પકડી અને મુંબઈ અંધેરીમાં રહેતા દિબ્યેન્દુના ઘરમાં પોતાનાં બે જોડી કપડાંની બેગ મૂકી દીધી. દિબ્યેન્દુ તેનાથી ૧૨ વર્ષ નાનો છે છતાં તેણે પોતાની શેષ જિંદગી માટે દિબ્યેન્દુને પસંદ કરી લીધો. દિબ્યેન્દુ સાથેનો તેનો પ્રેમ ધ્રુબોએ શરૂ કરેલી માનસિક યાતનાઓ પછી જ શરૂ થયો હતો. દિબ્યેન્દુ સંગીતકાર પણ છે. તે ધ્રુબોના ઘેર સંગીત શીખવા આવતો હતો ત્યારે જ રૂપાને તેનો પહેલો પરિચય થયો હતો.



રૂપા હવે દિબ્યેન્દુના ઘરમાં જ રહે છે અને એનો પુત્ર આકાશ યાદ આવે છે ત્યારે તે રડી લે છે. ધ્રુબો તેના પુત્ર આકાશને તેની મમ્મીને મળવા પરવાનગી આપતા નથી. રૂપા કહે છે : “હું મારા દીકરાને ચાહું છું. ધ્રુબો મુકરજીની પત્ની તરીકે મારે તેમની મિલકતમાં કોઈ જ ભાગ જોઈતો નથી. તેમના બેંક એકાઉન્ટમાં પણ મને રસ નથી. મારા પુત્રનો કબજો પણ મારે લેવો નથી. મારા પુત્રને તેના પિતાથી અલગ કરવો નથી. એ માટે હું ફોન પર મારા દીકરા સાથે વાત કરી લઉં છું તેનો મને સંતોષ છે.”

રૂપાના યુવાન સાથી દિબ્યેન્દુએ તાજેતરમાં જ ‘આ દેખે જરા’ ગીત ગાયું હતું. એણે ફિલ્મ ‘કાઈટ્સ’ માટે પણ ગીતો ગાયાં છે. રૂપા કહે છે : “પતિ અને પુત્રને છોડવાનો મારો નિર્ણય બહુ જ મુશ્કેલ હતો. પતિને ખુશ રાખવા મેં ઘરમાં કચરા-પોતાં પણ કર્યાં છે, પણ મને હવે ખ્યાલ આવી ગયો છે કે ભારતીય પુરુષો કોઈ સ્ત્રી સેલિબ્રિટીને સહન કરી શકતા નથી. મેં મારું જીવન હવે નવેસરથી શરૂ કર્યું છે.”

*


**પ્રાપ્તિસ્થાન**

**નવભારત સાહિત્ય મંદિર**

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ
અમદાવાદ : ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૩૯૨૫૩

૨૦૨, પૅલિકન હાઉસ
આશ્રમ રોડ, અમદાવાદ : ૩૮૦ ૦૦૯
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫

**E-mail : info@navbharatonline.com**
**Web : www.navbharatonline.com**